# હવે, આરોગ્ય કર્મચારીઓ આંદોલનના માર્ગે

## અરવલ્લી-સાબરકાંઠામાં ૧૦૦૦થી વધુ કર્મચારીઓ રેલી અને ધારણા યોજ્યા

રાજ્યમાં મહેસુલી કર્મચારીઓ બાદ આરોગ્ય કર્મચારીઓએ સરકાર સામે બાંયો ચડાવી છે. ગુજરાત આરોગ્ય કર્મચારી મહાસંઘ ગાંધીનગર ના આદેશ અન્વયે કામગીરી ચાલુ હતા અને જ્યાં સુધી આ પ્રશ્નોનું નિરાકરણ નહીં થાય ત્યાં સુધી ઓનલાઈન રિર્પોટિંગ પણ બંધ કરી દેવામાં આવ્યું હતું.

આરોગ્ય કર્મચારીઓનું કહેવું છે કે ગત ફેબ્રુઆરીમાં ૧૩ લડી લેવાના મૂડમાં છે. જેના ભાગરૂપે રોષપૂર્ણ છતાં શાંત રેલીનું આયોજન કરી ધરણા પર બેઠા છે. સાથે ચિમકી ઉચ્ચારવામાં આવી છે કે જો હજુ પણ સરકાર તરફથી હકારાત્મક વલણ નહીં રાખવામાં કેન્દ્રો પર આરોગ્યની સેવાઓ ખોરવાઈ ગઈ હતી તેમજ ઓનલાઈન રિર્પોટિંગ પણ બંધ કરી દેવામાં આવ્યું હતું. આરોગ્ય કર્મચારીઓના જણાવ્યા અનુસાર પંજાબ, હરિયાણા, છત્તીસગઢ, પણ પ્રકારના પ્રશ્નોનું નિરાકરણ થયું નથી. તેથી અભી નહિ તો કભી નહિના સૂત્રોચ્ચાર સાથે પડતર પ્રશ્નોની માગણીઓ સરકાર સ્વીકારે તેવું જણાવ્યું હતું. અરવલ્લી - સાબરકાંઠા જીલ્લાના




પણ રિર્પોટિંગ બંધ સાથે અરવલ્લી-સાબરકાંઠા જીલ્લામાં પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર પર ફરજ બજાવતા આશરે ૧૦૦૦થી વધુ આરોગ્ય કર્મચારીઓ "અભી નહિ તો કભી નહિ"ના સૂત્રોચ્ચાર સાથે પડતર પ્રશ્નોની માગણીઓ સાથે ભવ્ય રેલી યોજી ધરણાં ધર્યા દિવસની હડતાલ બાદ રાજ્ય સરકાર તરફથી વિવિધ ૬ કેડરોના ૧૩ જેટલા પડતર પ્રશ્નો ઉકેલવાની લેખિત બાહેધરી આપવામાં આવી હતી, પરંતુ આજદિન સુધી તમામ ૧૩ પ્રશ્નોનું નિરાકરણ આવ્યું નથી જેથી કર્મચારીઓમાં રોષની લાગણી વ્યાપી છે. હવે આ વખતે આવે તો આગામી સમયમાં વધારે આંદોલનાત્મક કાર્યક્રમ યોજાશે અને હવે કર્મચારીઓ અભિ નહિ તો કભી નહીં ના મૂડમાં આવી આરપારની લડત આપવા મક્કમ બનેલા છે.

આરોગ્ય કર્મચારીઓ માસ સીએલ પર ઊતરતાં આરોગ્ય હિમાચલ પ્રદેશ જેવા બીજા રાજ્યોમાં આરોગ્ય કર્મચારીઓને ૪૨૦૦ ગ્રેડ પે ચૂકવાય છે ત્યારે ગુજરાત સરકાર દ્વારા ૧૯૦૦ ગ્રેડ પે ચૂકવાય છે તે સિવાય બીજા ૧૩ પ્રશ્નોની માગણીઓને લઈને પહેલા પણ ધરણાં તેમજ આંદોલન કર્યું હતું ત્યારથી આજ સુધી કોઈ ફાર્માસીસ્ટ,લેબ ટેકનીશ્યન, ફિમેલ તેમજ મેલ હેલ્થ સુપરવાઈઝર, ફીમેલ તેમજ મેલ હેલ્થવર્કર આ રેલીમાં જોડાઈને સરકાર સામે આરોગ્ય કર્મચારીઓના પડતર પ્રશ્નોનો ઝડપથી ઉકેલ લાવવામાં આવેની માંગ કરી હતી.



## સાબરકાંઠામાં મહેસૂલી કર્મચારીઓ હડતાલના માર્ગે

છેલ્લા કેટલાક વખતથી સરકારના વિવિધ વિભાગોમાં ફરજ બજાવતા કર્મચારીઓ નારાજ થઈને તેમની માંગણીઓ સંતોષવા માટે લોકશાહી ઢબે આંદોલન અને હડતાલનું શસ્ત્ર ઉગામીને સરકારની શાન ઠેકાણે લાવવાની પેરવી કરી રહ્યા છે ત્યારે સોમવારે સવારે આરોગ્ય કર્મચારીઓની રેલી અને ધરણાનો કાર્યક્રમ યોજાયા બાદ જિલ્લાના ૨૮૨ મહેસૂલી કર્મચારીઓએ રેલી કાઢીને ક્લેક્ટર કચેરી આગળ ધરણા કર્યા હતા. તે જ પ્રમાણે તાલુકા કક્ષાએ પણ આવા કાર્યક્રમો યોજાતા મહેસૂલી શાખામાં ખુરશીઓ ખાલી રહી હતી.

# હિંમતનગરમાં આરોગ્ય કર્મચારીઓએ પડતર પ્રશ્ને રેલી યોજી ધરણા કર્યા




હિંમતનગર, તા. ૯

હિંમતનગરમાં સોમવારે જીલ્લાના આરોગ્ય વિભાગના કર્મચારીઓ પડતર ૧૩ માંગણીઓને લઈને વિશાળ રેલી યોજી ધરણા પર બેસ્યા હતા અને અગામી દિવસમાં અમારી માંગણીઓ નહિ સંતોષાય તો કામગીરી સદંતર બંધ કરીને વિરોધ કરીશું.

સાબરકાંઠા જીલ્લાના ફીમેલ હેલ્થ વર્કર, આપ્યા હતા. જેમાં કાળી પટ્ટી લગાવી વિરોધ કર્યો ત્યારબાદ ઓનલાઈન કામગીરીનું રીપોર્ટીંગ બંધ કર્યું અને આ અંગે જીલ્લા આરોગ્ય કર્મચારી મંડળના પ્રમુખ આશિષ બારોટે જણાવ્યું હતું કે આજે જીલ્લાના ૬૫૦ વર્ગ-૩ ના આરોગ્ય કર્મચારીઓએ માસ સીએલ મુકીને હિંમતનગરના ટાવર ચોકમાંથી સુત્રોચ્ચાર સાથે રેલી યોજી હતી જે રેલી લગભગ પોણો કિમી લાંબી હતી. માંગણીના સુત્રોચાર અને



મેઈલ હેલ્થ વર્કર, લેબોરેટરી ટેકનીશિયન, ફાર્માશિષ્ટ, સ્ટાફ નર્સ સહીતની સાત કેડરના વર્ગ ત્રણના કર્મચારીઓની પડતર ૧૩ માંગણીઓને લઈને ગત વર્ષે આંદોલન કર્યું હતું પરંતુ ત્યારબાદ રાજ્ય સરકારે કોઈ માંગણીઓનું નિરાકરણ લાવેલ નહિ જેને લઈને હવે આંદોલન પાર્ટ-૨ શરૂ કર્યું છે. જેને લઈને જીલ્લામાં વિવિધ વિરોધના કાર્યક્રમો બેનરો સાથે દેખાવો કરી શહેરના વિવિધ માર્ગો પર ફરી નવી જીલ્લા પંચાયતે રેલી પહોચી હતી જ્યાં રેલી પૂર્ણ કરી ધરણા પર આરોગ્ય કર્મચારીઓ બેસ્યા હતા અને અગામી ૧૭ તારીખે રાજ્યના કર્મચારીઓ ગાંધીનગર ખાતે દેખાવો કરશે અને પડતર માંગણીઓનો નિકાલ નહિ આવે તો તમામ આરોગ્ય કર્મચારીઓ કામીગીરી બંધ કરી વિરોધ કરશે.

# અરવલ્લી જિલ્લાના મહેસુલી કર્મચારીઓ અચોક્કસ મુદતની હડતાલ પર, અરજદારોના કામ ખોરવાયા

છેલ્લા કેટલાંય વખતથી વણઉકેલાયેલા પડતર પ્રશ્નોના મુદ્દે હવે રાજ્યના મહેસૂલ કર્મચારીએ સરકાર સામે બાંયો ખેંચી છે. સરકાર સમક્ષ રજૂઆતો કરાઈ પણ હજુ સુધી કોઈ નિરાકરણ આવી શક્યુ નથી પરિણામે હવે મહેસૂલ કર્મચારીઓ પણ સરકાર સામે જંગે પંચાયત મંત્રી કેડર સાથે મર્જ કરવા, કલાર્કને નાયબ મામલતદારના પ્રમોશન આપવા, આવી ૧૭ માંગણીઓને લઈને




સોમવારથી રાજયભરના મહેસૂલ કર્મચારીઓએ અચોક્કસ મુદતથી હડતાલ પર ઉતાર્યા છે. અરવલ્લી જીલ્લામાં ફરજ બજાવતા ૧૧૯ કર્મચારીઓ હડતાળમાં જોડાયા હતા. જીલ્લા સેવાસદન કચેરી ખાતે ધરણા કરી તેમની પડતર માંગણીઓ અંગે સૂત્રોચ્ચાર કર્યા હતા અને માંગણી સ્વીકારવામાં નહિ આવે ત્યાં સુધી કામગીરીથી અળગા રહી હડતાલ યથાવત રહેશેનું જણાવ્યું હતું.

રાજયના મહેસૂલી કર્મચારીઓના પડતર પ્રશ્નો અંગે ચઢ્યાં છે. અરવલ્લી જીલ્લાના ૧૧૯ મેહેસુલ વિભાગના કર્મચારીઓ અચોક્કસ મુદતની હડતાલ પર ઉતરતા વિવિધ સંસ્થાઓની સેવામાં અસર પડી હતી જેમાં પુરવઠા વિભાગ તેમજ જન સેવા કેન્દ્ર અને જમીનને લગતી કામગીરી ઠપ્પ થઈ જતા અરજદારોને ભારે મુશ્કેલીનો સામનો કરવો પડ્યો હતો.

મહેસૂલ કર્મચારી મહામંડળના કર્મચારીઓના જણાવ્યા અનુસાર રેવન્યૂ તલાટી સંવર્ગને મહેસૂલમાંથી રદ કરી રજૂઆતો કરાઈ પણ હજુ કોઈ ઉકેલ આવી શક્યો નથી. સરકાર હકારાત્મક દ્રષ્ટિકોણ રાખીને મહેસૂલ કર્મચારીઓના પ્રશ્ન ઉકેલવો જોઈએ મહેસૂલ કર્મચારીઓનુ કહેવુ છે કે, જયાં સુધી સરકાર પ્રશ્નોનુ નિરાકરણ નહી લાવે ત્યાં સુધી લડત જારી રહેશે. રાજયના દસ હજાર કર્મચારીઓ હડતાલમાં જોડાતાં સરકારી કામકાજ ખોરવાશે તેવી શક્યતાને પગલે મહેસૂલ વિભાગના ઉચ્ચ અધિકારીઓ ચિંતામાં મૂકાયાં છે.

# ડીસાના ગુલબાણીનગર સહીત ૧૫ સોસાયટીના રહીશો દ્વારા પાલિકાના ચીફ ઓફિસરને આવેદનપત્ર

## ગુજરાતનાં મુખ્યમંત્રી તેમજ શહેરી વિકાસ મંત્રાલય તથા ગૃહ સચિવને પણ લેખિતમાં રજૂઆત

ડીસા, તા. ૯

બનાસકાંઠા જિલ્લાના વેપારી મથક ડીસામાં વિવાદોમાં સપડાયેલા ડીપી રોડ મુદ્દે ૧૫ થી વધુ સોસાયટીના રહીશોએ પાલિકાના ચીફ ઓફિસરને આવેદનપત્ર આપી સત્વરે રોડ ખુલ્લો કરી વિકાસકામો શરૂ નહીં કરાય તો જાતે રોડ ખુલ્લો કરવાનું અલ્ટીમેટમ આપ્યું હતું.

છેલ્લા કેટલાક સમયથી ડીસાના ગુલબાણી નગર સહીત પંદરથી વધુ સોસાયટીના રહીશો ડીપી રોડને લઈને લડત ચલાવી રહ્યા છે. રહીશોની રજુઆત મુજબ સરવે નંબર ૧૦૨, ૧૦૩, ૧૦૪, ૧૦૬ તેમજ ૧૪૧ માંથી પસાર થતો ૩૦ મીટર અને ૧૦૦ ફુટનો આ ડીપી રોડ વર્ષોથી નગરપાલિકાના વિકાસ નકશામાં દર્શાવાયેલ હતો પરંતુ બાદમાં વિકાસ નકશામાંથી અચાનક આ ડીપી રોડ ગાયબ કરી ખાનગી બિલ્ડરને આપી દેવામાં આવ્યો હતો. જયારે સોસાયટીઓના રહીશોને આ ડીપી રોડ ગાયબ થયો હોવાની જાણ થઈ ત્યારથી



તેઓ ડીપી રોડ ખુલ્લો મુકવામાંની માંગ સાથે ઉગ્ર લડત ચલાવી રહ્યા છે, પરંતુ વહીવટીતંત્ર દ્વારા કોઈ ખાસ નોંધ લેવામાં આવતી નથી, જયારે બિલ્ડર દ્વારા વારંવાર કોઈપણ પ્રકારની મંજુરી વગર દિવાલો ઉભી કરી બાંધકામ નિયમોનું ખુલ્લેઆમ ઉલ્લંઘન કરીને નગરપાલિકના કાયદાને પણ ધોળીને પી રહ્યા છે તેમજ સોસાયટીના રહીશો વચ્ચે ખોટું ઘર્ષણ ઉભું કરે છે. આ સમગ્ર મામલે હાઈકોર્ટમાં કેસ ચાલતો હોઈ નગરપાલિકા દ્વારા બાંધકામની મંજુરી આપવામાં આવી નથી તેમછતાં બે દિવસ અગાઉ બિલ્ડર દ્વારા પોલીસના સહકાર વગર ભાડુતી માણસો લાવીને પ્લોટ ઉપર બાંધકામ કરવામાં આવી રહેલું હતું જેથી આ મામલે રહીશોએ હોબાળાની પોલીસને જાણ કરાતાં પોલીસની દરમિયાનગીરીથી મામલો થાળે પાડયો હતો. પરંતુ પોલીસ દ્વારા કાયદાકીય કાર્યવાહી કરવામાં આવી ન હતી અને બિલ્ડરના ભાડુતી માણસોને પોલીસ સ્ટેશન લાવ્યા બાદ છોડી મુકવામાં આવ્યાં હતા. જેથી ગઈકાલે વિફરેલા પંદરથી વધુ સોસાયટીના રહીશોએ નગરપાલિકામાં જઇ ચીફ ઓફિસરને આવેદનપત્ર આપવામાં આવ્યું હતુ જેમાં રજુઆત કરી હતી કે જે તે વખતે સોસાયટીના રહીશોને જાણ કર્યા વગર વિકાશ નકશામાંથી આ ડીપી રોડ ગાયબ કરવામાં આવ્યો છે તેની તપાસ હાથ ધરવામાં આવે અને કાયદાકીય કાર્યવાહી કરવામાં આવે તથા હાલમાં બિલ્ડર દ્વારા ભુગર્ભ ગટર તેમજ ગેસની પાઈપલાઈનનું કામકાજ અટકાવી દેવામાં આવ્યું છે તેથી ગટરના પાણી રસ્તા વચ્ચે ઉભરાઈ રહ્યા છે જેનાથી રહીશો અને રાહદારીઓ બીમારીમાં સપડાઈ રહ્યા છે ડેન્ગ્યુના કેસોમાં વધારો થયો છે છતાં બિલ્ડર નગરપાલિકાને સાફસફાઈ પણ કરવા દેતા નથી અને વિકાસના કામોમાં અડચણરૂપ બની રહ્યા છે. છતાં નગરપાલિકા દ્વારા કેવહીવટીતંત્ર દ્વારા બિલ્ડર સામે કોઈ જ કાર્યવાહી કરવામાં આવતી નથી જેથી અમારી રજુઆતને ધ્યાનમાં લેવામાં આવે અને નગરપાલિકાના ઠરાવ મુજબ આ ડીપી રોડ ખુલ્લો મુકવામાં આવે તેમજ અટકેલા વિકાસના કામો ફરી હાથ ધરવામાં આવે.



## ડિસાનો મોહમદપુરા ગવાડી વિસ્તાર ગંદકીમાં ગરકાવ

ડીસા નો મોહમદપુરા ગ્વાડી વિસ્તારમાં છેલ્લા છ મહિના થી સફાઈ ન થતા વારંવાર ગટરો ઉભરાઈ જતા ઠેર ઠેર ગંદા પાણી ના તળાવો ભરાય છે જેને લીધે રોગચાળા નો ભય સેવાઈ રહ્યો છે. મોહમદપુરા ગ્વાડી થી કબ્રસ્તાન જતા માર્ગ પર નગરપાલિકા દ્વારા બનાવેલ ચેમ્બરો ઉભરાઈ જતા સ્થાનિક રહીશોએ જાતે સફાઈ કરવી પડે છે આ અંગે સ્થાનિક રહીશ અયૂબ ભાઈ શેખે જણાવ્યું કે છેલ્લા છ મહિનાથી સફાઈ કામદારો સફાઈ કરવા આવતા નથી ગટરો માટે બનાવેલ ચેમ્બરો દર અઠવાડિયે ભરાઈ જતા હોવાથી વારંવાર જાતે સફાઈ કરવી પડે છે આ અંગે અનેક વાર સ્થાનિક કોર્પોરેટરો તથા નગરપાલિકા માં જાણ કરેલ પરંતુ પાલિકા દ્વારા કોઈ સુવિધા આપવામાં આવતી નથી જયારે ઘરવેરો સફાઈવેરો સહિત ના વેરા વસુલ કરવામાં આવે છે જયારે લોકો ને પડતિ તકલીફો નું ધ્યાન આપવામાં ન આવતા નગરપાલિકા સામે લોકોએ રોષ ઠાલવી વિરોધ પ્રદર્શિત કર્યો હતો તાત્કાલિક નગરપાલિકા દ્વારા સફાઈ કરવી લોકો ને ભરડામાં થી બચાવે તેવી જન માંગ છે.

## હિંમતનગરમાં દિવ્યાંગોનો સ્પે ખેલમહાકુંભ યોજાયો

હિંમતનગર, તા. ૯

રાજ્ય સરકાર દ્વારા માનસિક દિવ્યાંગ બાળકોમાં પડેલા કૌશલ્યને બહાર લાવવાના આશયથી તેમના માટે અલગથી ખેલ મહાકુંભનું આયોજન કરવામાં આવે છે. ત્યારે તાજેતરમાં હિંમતનગરના સાબર સ્ટેડીયમ ખાતે જિલ્લાકક્ષાના સ્પે ખેલ મહાકુંભનુ આયોજન કરવામાં આવ્યુ હતુ. જેમાં અંદાજે ૪૫૦ બાળકોએ ઉપસ્થિત રહીને ભાગ લીધો હતો. આ સ્પે ખેલમહાકુંભમાં દોડ, ગોળાફેંક, વોલીબોલ સહિતની અન્ય રમતો યોજાઈ હતી જે બદલ સાબરકાંઠા ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત મંદબુદ્ધિના બાળકોની સંસ્થાના સંચાલકો અને શૈક્ષણિક સ્ટાફે ઉપસ્થિત રહીને બાળકોને પ્રોત્સાહિત કર્યા હતા.

## ડીસા ટ્રાફિક પોલીસની સરાહનીય કામગીરી, ત્રણ વાહનો ડિટેઈન કરી છ હજાર નો દંડ ફટકાર્યો

બનાસકાંઠાના ડીસામાં દિન પ્રતિદિન ટ્રાફિક સમસ્યા માથાના દુખાવા સમાન બની છે ત્યારે ડીસામાં ટ્રાફિક પોલિસનો પણ કામગીરી સરાહનીય રહેવા પામી છે જેમાં તાજેતરમાં ટ્રાફિક પોલિસ સબ ઈન્સ્પેકટર એમ ડી પંચાલ એચ સી મુકેસભાઈ પીસી ઘંનસ્યામ ભાઈ અને ટી.આર.પી જવાનોની ટિમ દ્વારા ડીસા એરપોર્ટ સર્કલ નજીક ટ્રાફિક કામગીરી દરમિયાન ૪ વાહનો ડિટેઈન કરી ૬૦૦૦ નો દંડ ફટકાર્યો હતો ટ્રાફિક પોલીસની આ કામગીરી ને ચોમેરથી ભારે આવકાર સાપડ્યો હતો.



વડગામ તાલુકાના મગરવાડા ખાતે આવેલા માણિભદ્ર વીરદાદાના મંદિરે શ્રી રાજપૂત કરણી સેના વડગામની બેઠક યોજાઈ હતી. જેમાં ગુજરાત પ્રદેશ ઉપાધ્યક્ષ મહેન્દ્રસિંહ રાઠોડ, ગુજરાત પ્રદેશ સચિવ સુરપાલસિંહ બારડ, સલાહકાર સમિતિના સભ્ય જસવંતસિંહ વાઘેલા, વડગામ તાલુકા ઉપાધ્યક્ષ હંસરાજસિંહ દેવડા, સહિત રાજપૂત સમાજના ભાઈઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

# મોડાસાના શામપુર ગામે પ્રેમ સંબંધનો વહેમ રાખી યુવક પર હુમલો કરાયો

## ચપ્પુ મારી જાનથી મારી નાખવાની ધમકી

મોડાસા તાલુકાના શામપુર ગામે ગત ૭ ડિસેમ્બરના રોજ એક યુવક પર પ્રેમ સંબંધનો વહેમ રાખી હુમલો કરવામાં આવ્યો હતો. યુવક કુદરતી હાજતે જઈને આવતો હતો તે સમયે બે જણે આવીને ચપ્પુથી હુમલો કરી જાનથી મારી નાખવાની ધમકીઓ આપતાં યુવકની સારવાર કરાવ્યા બાદ મોડાસા રૂરલ પોલીસ મથકમાં બંને સામે ફરિયાદ કરતાં પોલીસે ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

આ અંગે મળતી વિગતો અનુસાર મોડાસા તાલુકાના શામપુર ગામે ગત ૭ ડિસેમ્બરના રોજ શામપુરના જ ચેતનસિંહ મોતીસિંહ ચૌહાણ ગામના તળાવે કુદરતી હાજતે જવા માટે મોટરસાઈકલ લઈને ગયા હતા.

દરમિયાન પરત આવતી વખતે શામપુરથી નવા ગામ તરફ જતા રોડ ઉપર મહાદેવના મંદિર આગળ ગામના જ સચિનભાઈ કાન્તીભાઈ પ્રણામી તથા રાજેશભાઈ દશરથભાઈ પ્રણામી એક્ટીવા લઈને આવ્યા હતા. અને બાઈક ઉભુ રખાવી સચિને ખોટો વહેમ રાખતાં કહ્યું હતું કે તું મારી બહેન સાથે પ્રેમ સંબંધ કેમ રાખે છે તેમ કહી હાથમાના ચપ્પુ વડે હુમલો કરી દીધો હતો.

જેથી ચપ્પુ ચેતનસિંહના ડાબી બાજુની આંખ નજીક વાગ્યું હતું. જેના પગલે બૂમાબૂમ કરતાં ચેતનસિંહના પિતા તથા કાકા ધુળસિંહ આવી જતાં બંને ઈસમો એક્ટીવા લઈને ભાગી છુટ્યા હતા અને જાનથી મારી નાખવાની ધમકીઓ આપતા હતા. બાદમાં ઘાયલ યુવકને મેઢાસણ સારવાર અપાવી મોડાસા રૂરલ પોલીસ મથકે બંને વિરૂધ્ધ ફરિયાદ નોંધાવતાં પોલીસે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.